**<u>રે.દી.મુ.નંબર : ૬૩૦/૨૦૨૨.</u>**

**<u>વાદીની મનાઇ અરજી આંક : ૫ તળે હુકમ :–</u>**

**(૧)** અરજી વંચાણે લીધી. વાદી ધ્વારા હાલની અરજી સી.પી.સી. ઓર્ડર : ૩૯, રૂલ : ૧,૨ તથા કલમ : ૧૫૧ મુજબ ચાલુ દાવે કામ ચલાઉ મનાઇ હુકમની દાદ માંગતી કરેલ છે.

**(૨)** વાદી મૂળ દાવા અરજીમાં એવી હકીકત લઇને આવેલા છે કે, જત–ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ અમદાવાદના તાલુકા : દસ્ક્રોઇના મોજે ગામ : વીસલપુરના બ્લોક/સર્વે નંબર : ૧૬૪૦ હે.આરે.ચો.મી. ૦૦–૪૨–૯૫ વાળી જમીનમાં તેઓનો વારસાઇ હકકે સહમાલીકી કબજો ભોગવટો સમાયેલો છે અને સદર દાવાવાળી મિલ્કત મૂળ તેઓના વડીલ મર્હુમ ચતુરભાઇ પટેલનાઓની હતી અને તેઓના અવસાન બાદ તેઓના ત્રણ પુત્રો (૧) સ્વ. શીવાભાઇ ચતુરભાઇ, (૨) સ્વ. કાળીદાસ ચતુરભાઇ, (૩) સ્વ. જેસંગભાઇ ચતુરભાઇનાઓએ તારીખ : ૨૧/૦૩/૧૯૪૫ ના રોજ અંદરોઅંદર સમજૂતીથી વહેંચણી લેખ કરેલ અને તે મુજબ સ્વ. જેસંગભાઇ ચતુરભાઇના ભાગે સર્વે નંબર : ૬૩૩/૨, જેનુ માપ ૭૦૮ ચો.મી. યાને કે ૦–૭ ગુંઠા જેનો આકાર ૦–૮–૬ નો આવેલો છે. જેનો હાલમાં નવો બ્લોક/સર્વે નંબર : ૧૬૪૦ માં સમાવેશ કરેલ છે. તેમજ તેઓ પહેલેથી આ જમીનમાં વાવેતર કરતા આવેલા છે અને કબજો પણ તેઓ ધરાવે છે.

વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નંબર : ૧ કે જેઓ તેઓના મોટા બાપાના પુત્ર છે. તેમને તેઓએ અવાર–નવાર સદર જમીનમાંથી પોતાનો ૭–ગુંઠાનો ભાગ આપી દેવા વિનંતી કરેલી ત્યારે, પ્રતિવાદી નંબર : ૧ તેઓને અેવુ જણાવેલ કે, સદર જમીનમાં તેઓ દસ્તાવેજ કરશે તે દિવસે તેમના ભાગના ૭–ગુંઠાની જે પણ રકમ હશે તે ચૂકવી આપશે અને તેથી તેઓ તેમના પર વિશ્વાસ અને ભરોસો મૂકેલ. પરંતુ, આ પ્રતિવાદી નંબર : ૧ ના તારીખ : ૨૭/૦૪/૨૦૨૨ ના રોજ પ્રતિવાદી નંબર : ૨ થી ૪ નાઓએ બ્લોક/સર્વે નંબર : ૧૬૪૦ જેનો જૂનો બ્લોક/સર્વે નંબર : ૪૯૯ હે.આરે.ચો.મી. ૦૦–૪૨–૯૫ વાળી જમીનમાં ખોટી અને ગેરકાયદેસર રીતે રજી. વેચાણ દસ્તાવેજ નંબર : ૨૩૯૩ થી વેચાણ આપી દીધેલ અને તેની કાચી નોંધ નંબર : ૧૧૧૪૪ પડેલી. જેની તેઓને જાણ થતા, તારીખ : ૩૦/૦૪/૨૦૨૨ ના રોજ ઇ–ધરામાં વાંધા અરજી આપેલી. જેનો તકરારી કેસ નંબર : ૨૬૩/૨૦૨૨ પડેલ. જે તારીખ : ૨૮/૦૭/૨૦૨૨ ના રોજ તેઓના વાંધા રદૃ કરતા, તેઓએ કલેકટરશ્રી અમદાવાદમાં અપીલ દાખલ કરેલ.

ત્યારબાદ હાલનો દાવો કરેલ છે અને તેની સાથે હાલની મનાઇ અરજી આપી, પોતાનો પ્રાઇમાફેસી કેસ હોય અને મનાઇ હુકમ ના અ◌ાપવામાં આવે તો, તેઓના કાયમના હકકો જતા રહે. તે રીતે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પોતાની તરફેણમાં હોય તથા તેઓના નાણાંમા ભરપાઇ થઇ શકે તેવુ પારાવાર નુકશાન થાય તેમ છે અને જો પ્રતિવાદી ત્રાહિતને વેચાણ આપી દે તો મલ્ટીસીટી ઓફ પ્રોસીડીંગ્સમાં ઉતરવુ પડે. જેથી દાવાના આખરી નિકાલ સુધી દાવાવાળી મિલ્કતનો શાંતં, પ્રત્યક્ષ કબજો ભોગવટો તેઓનો આવેલો હોય, પ્રતિવાદી કે તેઓના મળતીયા ઇસમો, અન્ય કોઇ ત્રાહિત કે સંસ્થાને કોઇપણ રીતે હસ્તાંતર કરે કરાવે નહી તથા દાવાવાળી જમીનમાં તેઅ◌ોના શાંત, પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઇ હરકત હેલો કરે કરાવે નહી તેવો કામચલાઉ મનાઇ હુકમ માંગેલ છે.

(૩) પ્રતિવાદીઓને સમન્સની બજવણી કરાવતા, તેઓ નામદાર કોર્ટમાં હાજર થઈ, વાદીની દાવા તથા મનાઈ અરજી લગત પ્રતિવાદી નંબર : ૧ નાએ આંક : ૨૪ થી તથા પ્રતિવાદી નંબર : ૨ થી ૪ નાઓએ આંક : ૧૩ થી જવાબ રજૂ કરેલ છે.

(૪) પ્રતિવાદી નંબર : ૨ થી ૪ નાઓ તરફે આંક : ૧૩ થી જવાબ રજૂ કરેલ છે. જેમાંજેમાં વાદીના દાવાની હકીકતનો મહદઅંશે ઈન્કાર કરી, વાદીના દાવો સમય–મર્યાદ બહારનો હોય તેમજ અન્ય કાયદાનો પણ બાધ નડતો હોવાની રજૂઆત કરેલ છે. તેમજ વાદીએ કોર્ટને ગુમરાહ કરવા સારૂ તારીખ : ૨૧/૦૩/૧૯૪૫ ના રોજનુ બોગસ અને બનાવટી ઉપજાવી કાઢેલ રજૂ કરેલ છે. જેની સબ–રજીસ્ટરમાં કચેરીમાં પણ નોંધ થયેલી નથી. વધુમાં જણાવેલ છે કે, વાદીનો ૭–ગુંઠાનો કોઇ પ્રકારનો હકક હિસ્સો પોષાતો નથી. તેમજ રેવન્યુ રેકર્ડમાં કૌટુંબીક વહેંચણી લગત તારીખ : ૨૮/૧૧/૧૯૫૬ ના રોજ પડેલ રેવન્યુ નોંધ નંબર : ૪૦૬૪ પ્રમાણે વાદીનો કોઇપણ પ્રકારનો હકક હિસ્સો પુરવાર થતો નથી. વધુમાં પ્રતિવાદી નંબર : ૧ નાઓએ તેઓની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે અને તેની કાચી નોંધ પડતા વાદીએ પડકારેલ છે. જે નામંજૂર થયેલ છે. તેમજ વાદીએ કૌટુંબીક વહેચણી લગત રેવન્યુ રેકર્ડમા પડેલ તારીખ : ૨૮/૧૧/૧૯૫૬ ના રોજની રેવન્યુ નોંધ નંબર : ૪૦૬૪ અને ત્યારબાદની અનેક રેવન્યુ નોંધને પડકારેલ નથી. આમ, વાદીનો દાવાવાળી મિલ્કતમાં હકક, હિત, હિસ્સો

ના હોય, તેમનો પ્રથમ દર્શનીય કેસ નથી કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ કે ઇરરીપેરેબલ લોસ પણ વાદીની તરફેણમાં ના હોય, મનાઇ અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

**(૪.૧)** પ્રતિવાદી નંબર : ૧ નાઓએ આંક : ૨૪ થી જવાબ રજૂ કરેલ છે. જેમાં મહદઅંશે પ્રતિવાદી નંબર : ૨ થી ૪ ની તરફે રજૂ આંક : ૧૩ ના જવાબની હકીકતો મુજબની રજૂઆત કરેલ છે અને વધુમાં એવુ જણાવેલ છે કે, તેઓને દાવાવાળી જમીન વેચાણ કરવાનો અધિકાર હતો અને તે અધિકારની રૂઇએ તેઓએ પ્રતિવાદી નંબર : ૨ થી ૪ નાઓને વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. આમ, વાદીનો દાવાવાળી મિલ્કતમાં હકક, હિત, હિસ્સો ના હોય, તેમનો પ્રથમ દર્શનીય કેસ નથી કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ કે ઇરરીપેરેબલ લોશ પણ વાદીની તરફેણમાં ના હોય, મનાઇ અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

**( ૫ )** આ અરજીના નિર્ણય માટે કોર્ટે નીચે મુજબના મુદ્દાઓની વિચારણા કરવાની રહે.

૧) શું પ્રથમદર્શીય કેસ વાદીની તરફેણમાં છે ?

૨) શું સગવડની સમતુલા વાદીની તરફેણમાં છે ?

૩) શું વાદીની માંગણી મુજબ હંગામી મનાઈ હુકમ આપવામાં ના આવે તો, વાદીને નાણામાં ભરપાઈ ના થાય તેવું નુકશાન જાય તેમ છે ?

૪) શું હુકમ ?

**(૫)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ ઠરાવું છું. ?

૧) મુદ્દા નં. ૧ :– નકારમાં,

૨) મુદ્દા નં. ૨ :– નકારમાં,

૩) મુદ્દા નં. ૩ :– નકારમાં,

૪) મુદ્દા નં. ૪ :– આખરી હુકમ મુજબ

(૬) <u>કારણો :</u> **મુદ્દા નં. ૧ થી ૩ :**

આ ત્રણેય મુદ્દા એકબીજા સાથે સંકળાયેલ હોઈ તેમજ ત્રણેય મુદ્દાઓની એકસાથે ચચા કરવામાં આવે તો, દલીલોનું પુનરાવર્તન ટાળી શકાય તેમ છે તેથી ત્રણેય મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૭) વાદીએ હાલનો દાવો જે ધરમેળે વહેંચણી થયેલ તેના ઉપર આધાર રાખી આવેલા છે તે માર્ક : ૩/૭ થી રજૂ કરેલ છે. તેમજ પ્રતિવાદી નંબર : ૨ થી ૪ નાઓએ પોતાના જવાબ સાથે માર્ક : ૧૪/૨ થી તારીખ : ૨૮/૧૧/૧૯૯૬ ના રોજની નોંધ નંબર : ૪૦૬૪ રજૂ કરેલ છે. વાદી ધ્વારા માર્ક : ૩/૭ થી રજૂ વહેંચણી લેખ મુજબ કોઇ રેવન્યુ નોંધ પડેલ હોય, તેવી કોઇ વાદીની રજૂઆત નથી. જયારે પ્રતિવાદી તરફે માર્ક : ૧૪/૨ રેવન્યુ રેકર્ડે ભાઇઓ–ભાઇઓની વાહેંચણીની નોંધ નંબર : ૪૦૬૪ રજૂ કરેલ છે. જેમાં મર્હુમ ચતુરભાઇના ત્રણ સંતાનો સ્વ. શીવાભાઇ ચતુરભાઇ, સ્વ. કાળીદાસ ચતુરભાઇ તથા રમણભાઇ જેસંગભાઇ ચતુરભાઇ કે જેઓ હાલના કામે વાદી છે તેઓના ભાગે ભાઇઓ ભાગથી આવેલ મિલ્કતની નોંધ છે. સદર નોંધ વાદીએ કયારેય પડકારેલ નથી કે, સદર નોંધ ખોટી હોય તેવુ પણ કોઇ પક્ષનિવેદન નથી. રેવન્યુ નોંધ ધ્યાને લેતા, સદર નોંધના આધારે હાલના વાદીના હિસ્સે હાલની દાવાવાળી મિલ્કત આવેલ હોય તેવુ જણાતુ નથી. તેમજ વાદીએ પોતાની દાવા અરજીમાં સર્વે નંબર : ૬૩૩/૨ તેઓના પિતાના નામે આવેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ સદર વહેંચણી મુજબ સ્વ. કાળીદાસ ચતુરભાઇના હિસ્સે આવેલાની નોંધ છે. વધુમાં આ નોંધ મુજબ હાલના વાદીને જ સને. ૧૯૯૬ માં નોંધ થઇ તે સમયેથી ભાઇઓ ભાગે આવતો હિસ્સો મળેલ છે. તેથી તેઓને તે અંગે કોઇ જાણ ન હોવાની હકીકત હાલના તબકકે માની શકાય નહી.

વધુમાં વાદીએ પોતાની અરજીમાં દાવાવાળી મિલ્કતના ૭–ગુંઠા જમીન તેઓના કબજામાં હોવાનુ પણ જણાવેલ છે. પરંતુ તે અંગે કોઇ પુરાવો રજૂ કરેલ નથી કે, કોઇના સોગંદનામા રજૂ કરેલ નથી કે પંચનામુ કરાવેલ નથી કે જેના આધારે વાદીનો ૭–ગુંઠા જમીનમાં તેઓનો કબજો હોય તેવુ હાલના તબકકે બતાવી શકેલ. વધુમાં વાદી જે દસ્તાવેજ પ્રતિવાદી નંબર : ૧ નાઓએ પ્રતિવાદી નંબર : ૨ થી ૪ નાઓને કરી આપેલ છે તે રદબાતલ ઠરાવવા મુખ્ય દાદ સાથે આવેલ છે તે દસ્તાવેજ માર્ક : ૩/૭ થી રજૂ કરેલ છે. તે ધ્યાને લેવામાં આવે તો, સદર દાવાવાળી મિલ્કત કુલ હે.આરે.ચો.મી. ૦૦–૪૨–

૯૫ ક્ષેત્રફળની જમીનનુ રજી. વેચાણ દસ્તાવેજ છે. જયારે વાદીના કેસ મુજબ તેઓ ૭–ગુંઠા જમીનમાં હકક, હિસ્સો ધરાવે છે અને તેઓએ પોતાની દાવા અરજીમાં કરેલ પ્લીડીંગ્સ મુજબ તેઓએ પ્રતિવાદી નંબર : ૧ પાસે સદર જમીનમાંથી પોતાનો ૭–ગુંઠાનો ભાગ આપી દેવા વિનંતી કરેલ ત્યારે પ્રતિવાદીએ તેઓને જણાવેલ કે, તેઓ જયારે દસ્તાવેજ કરશે ત્યારે તેઓના ભાગના ૭–ગુંઠાની જે કાંઇ રકમ થશે તે ચૂકવી આપશે. આમ, વાદીએ પોતે પોતાની દાવા અરજીમાં ૭–ગુંઠા જમીનની રકમ પ્રતિવાદીએ ચૂકવવાનુ કહેતા એ હકીકત ના સ્વીકારી ભાગ માંગેલ હોય તેવી કોઇ રજૂઅ઼ાત નથી. એટલે કે, તેઓ પ્રતિવાદી નંબર : ૧ પાસેથી ૭–ગુંઠા ભાગની રકમ લેવા પણ તૈયાર હોય તેવુ જણાય છે. ત્યારે પ્રતિવાદી નંબર : ૧ નાઓએ પ્રતિવાદી નંબર : ૨ થી ૪ નાઓને જે જમીનમાં રજી. વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે તેમને વાદીના કહેવા મુજબ ૭–ગુંઠા જમીન માટે અ઼ાખી મિલ્કત ઉપર જો મનાઇ હુકમ આપવામાં આવે તો, પ્રતિવાદી નંબર : ૨ થી ૪ નાઓને વાદી કરતા વધુ નુકશાન જાય તેમ છે. જેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં નથી અને તેવી જ રીતે નાણામાં ભરપાઇ ના થઇ શકે તેવુ નુકશાન પણ વાદીની તરફેણમાં નથી. તેમજ તારીખ : ૨૮/૧૧/૧૯૯૬ ની નોંધ ધ્યાને લેતા વાદીનો પ્રથમદર્શનીય કેસ પણ જણાંતો નથી. જેથી મુદા નંબર : ૧ થી ૩ નો જવાબ નકારમાં આપી, મુદ નંબર : ૪ નો જવાબ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) વાદીની આ હંગામી મનાઈ હુકમની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) આ અરજીનું ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

આ હુકમ આજ તારીખ– ૧૦ મી, માહે– માર્ચ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવે છે.

તા. ૧૦/૦૩/૨૦૨૬
અમદાવાદ.

( એમ.એસ.સુતરીયા)
*UIC NO GJ 00846*
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ(ગ્રામ્ય)નવરંગપુરા.